દાખલતારીખ : ૧૮/૦૬/૨૦૨૬
નોંધ્યા તારીખ: ૧૮/૦૬/૨૦૨૬
ફેસલ તારીખ : ૧૧/૦૭/૨૦૨૬
સમયગાળો : વર્ષ – માસ– દિવસ.

સત્य मेव जयते

**ટંકારાના મે. જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ.ટંકારા**

**ફોજદારી કેસ નંબર :–૪૬૬/૨૦૨૬**
**આંક :–**

ફરિયાદી :– ગુજરાત સરકાર

**વિરૂધ્ધ**

આરોપી :– ચેતન વિરજીભાઈ વાઘેલા,
ઉ.વ.૨૭, ધંધો– મજુરી,
રહે. જુના કોઠારીચા રોડ.ટંકારા
જી.મોરબી

**બાબત :– જી.પી.એકટ કલમ ૩૭(૧), ૧૩૫ મુજબનો...**

**//ઠરાવ//**

૧. ફરીયાદપક્ષમાં કેસની હકીકત મુજબ આ કામના આરોપીએ જાહેરમાં પોતાના પેન્ટના નેફામાં એક પ્લાસ્ટીકના હાથાવાળી ધારવાળી છરી કિ.રૂા. ૦૦/– ની રાખી મજ્હે. જીલ્લા મેજી. મોરબીના હથિયારબાદના જાહેરનામાનો ભંગ કરી મળી આવતા હોય તે મુજબના ગુન્હાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરવામા આવેલ. સદર કેસમા આજ રોજ સ્વૈચછીક રીતે હાજર થતા તેને પોલીસ પેપર્સ ની નકલો આપવામા આવેલ અને ગુનો કબુલ કરવા માટે જણાવતા સદર કેસ હાથ પર લેવામાં આવે છે.

૨. આરોપીએ તેઓના ગુન્હા કબુલાત પુરશીષની વિગતો જોતા તેઓનો પ્રથમ ગુન્હો હોય અને ગરીબ માણસ હોવાનુ જણાવેલ છે.

૩. આરોપીને ગુન્હાની કબુલાત વિષે પુછતા આરોપીએ ગુન્હો કબુલ કરેલ નહી અને ચાલુ ટ્રાયલ દરમ્યાન ગુન્હો કબુલ કરેલ છે. આરોપી સ્વેચ્છાએ કબુલાત કરતા હોય 2/2 તેમને તે

બાબતની સમજ આપી અને આરોપી સદર કબુલાત સ્વૈચ્છિક તથા કોઈપણ જાતના દબાણ વગર આપતા હોવાની ખાત્રી કરી સ્વીકારી તથા આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે અને પોતાનો પ્રથમવારનો ગુન્હો હોય, દયા ફરમાવવા અરજ કરેલ છે. આરોપીની ગુન્હાની કબુલાત સ્વૈચ્છિક હોય ગુન્હાની ગંભીરતા તેમજ સદરહુ ગુન્હામાં કાયદામાં સજાની જોગવાઈ લક્ષ્યમાં લઈ નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**-: હુકમ :-**

આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૫ અન્વયે જી.પી.એકટ કલમ ૩૭(૧), ૧૩૫ ના સજાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/- અંકે રૂપિયા (અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો દિન :-૫ ની સાદી કેદની સજા અંગેનો હુકમ કરવામાં આવે છે. સબબ કામે કબ્જે કરવામા આવેલ મુદ્દામાલ છરીનો અપીલ સમય બાદ નીયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ તારીખ : ૧૧ મી માહે : જુલાઇ સને : ૨૦૨૬ ના રોજ લોકઅદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬
ટંકારા.

(એચ.એચ.વિશ્નોઇ)
જયુડી.મેજી.ફ.કલાસ
ટંકારા
કોડ જીજે ૦૧૬૦૫